જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૧/૨૦૧૭ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૧૨૪ લીટર દેશી દારૂ, ૩૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૮ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૩૫૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડી અને વિશ્વાસઘાત :- સમાચાર યાદી નં.૧૨૮/૧૭

**નવરંગપુરાઃ** બહેરામ રુસ્તમજી મહેતા (ઉ.વ.૫૬) (રહે. મહેતા હાઉસ રીવર સાઇડ સ્કુલની પાસે સી.એસ.બી.ડેપો રોડ ઓફ એરપોર્ટ રોડ શાહીબાગ) એ તા.૧૮/૧/૧૭ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓગષ્ટ ૨૦૧૬ પહેલા આરોપી સંદેશ પ્રદીપ રાણે (રહે. ૧૦૩, બિલ્ડીંગ નં-૮,સમુધીન એવન્યુ, બદલાપુર ઇસ્ટ થાને મુંબઇ) એ મીઠાખળી સર્કલ નેતાજી માર્ગ ચાઇના કોમ્પલેક્ષ ખાતે ઓફીસ ધરાવી બહેરામ મહેતાની શિલ્પી એન્ટરપ્રાઇઝ પ્રા.લી.ઓફીસમાંથી માલની ચોરી કરી તેના ડુપ્લીકેટ બીલો બનાવી માલની ડીલીવરી કરી ડુપ્લીકેટ ઇનવોઇસ બનાવી તેના આવેલ નાણા તથા ચેકો કંપનીમાં જમા કરાવવાના બદલે નાણા પોતાની બેન્કના ખાતામાં જમા કરાવી કંપનીમાંથી રૂપિયા ૧૨,૮૦,૦૦૦/- નો માલ ચોરી કરી ખોટા બીલો તથા ઇનવોઇસ બનાવી વેચાણ કરી બેન્કમાં ખાતા ખોલાવવા તેમજ મ્યુચ્યુઅલ ફંડમાંથી લોન મેળવવા કંપનીના નામનો ઉપયોગ કરી ખોટા પાગાર બીલો બનાવી તેમાં કંપનીના ડીરેકટરોની ખોટી સહીઓ કરી કંપની સાથે વિશ્ર્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.બોડાત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૨૯/૧૭**

**કૃષ્ણનગરઃ** વિવેકભાઇ નરેન્દ્રભાઇ દવે (રહે.શિવ એપાર્ટમેન્ટ નોબલ સ્કુલ સામે કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧/૧૭ રાતના ૮/૦૦ થી તા.૧૮/૧/૧૭ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ અને જાળીનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાની ચેઈન નંગ-૨ કિમત રૂપિયા ૩૬,૦૦૦/- સોનાનો બ્રેસલેટ કિમત રૂપિયા ૧૬,૦૦૦/-, લેમેક્ષ કંપનીની કાંડા ઘડિયાળ કિમત રૂપિયા ૧૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૮૦૦/- મળી કુલ રૂપિયા ૫૫,૮૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એસ.અસારી ચલાવે છે.

**ઓઢવઃ** શ્રવણભાઇ  મુકેશભાઇ કુમાવત (રહે. લક્ષ્મી રો હાઉસ ઉમા સ્કુલની બાજુમા નિકોલ નરોડા રોડ નવા નિકોલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧/૧૭  રાતના ૧૦/૦૦ થી તા.૧૮/૧/૧૭ કલાક ૯/૩૦ વાગ્યા દરમ્યાન ઓઢવ ગામ તળાવ પાસે પોતાની ભગવતી મોબાઇલ નામની દુકાનનું શટર તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી જુદી-જુદી કંપનીના જુદા-જુદા મોડલના મોબાઇલ ફોન નંગ-૩૫ કિમત રૂપિયા ૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ખાંટ ચલાવે છે.

**નજર ચુકવી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૩૦/૧૭**

**સેટેલાઇટઃ** પ્રવીણાબહેન વા/ઓ લલીતકુમાર વારડે (ઉ.વ.૫૦)(રહે.આમ્રકુંજ ડુપ્લેક્ષ ન્યુ વી.આઇ.પી રોડ ખોડીયારનગર વડોદરા શહેર) તા.૧૮/૧/૧૭ બપોરના ૧૨/૦૦ થી ૧૨/૪૫ વાગ્યા દરમ્યાન સી.ટી.એમ બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડથી શિવરંજની બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ સુધીનાં રસ્તામાં બસમાં મુસાફરી દરમ્યાન પ્રવિણાબહેનની નજર ચુકવી અજાણી વ્યક્તિએ પર્સમાંથી સોનાના પેંડલવાળુ સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ પ્રવિણાબહેન વારડેએ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ઇન્દ્રજીતસિંહ અમરસિંહ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૩૧/૧૭**

**કૃષ્ણનગરઃ** સંજયભાઇ પ્રભુભાઇ રાઠોડ (રહે. સોહમ ઇન્સ્ટીટયુટ પ્રિયા સીનેમાની બાજુમા કૃષ્ણનગર) એ તા.૧૮/૧/૧૭ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૨/૨૦૧૬ કલાક ૮/૦૦ થી તા.૫/૧/૨૦૧૭ બપોરના ૪/૦૦ વાગ્યા દરમ્યાન સોહમ ઇન્સ્ટીટયુટ પ્રિયા સીનેમા હોસ્ટેલના રૂમમાંથી સાહેદના લગેજ બેગમાંથી મોબાઈલ ફોન નંગ-૫ કિમત રૂપિયા ૩૨,૭૦૦/- અને રોકડ રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૭,૭૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો સ.ઇ.શ્રી જે કે રાઠોડ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)